જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૦૨/૧૨/૨૦૨૦ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૦૭૬/૨૦૨૦

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૧/૧૨/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૮૮૫ | ૫ | ૧૦૮૯૦ | ૧૭૦૧૯ | ૦ | ૧૭૦૧૯ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૪૬૯ | ૧૦ | ૪૪૭૯ | ૫૯૮૯ | ૧૦ | ૫૯૯૯ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૫૫ | ૦ | ૫૫ | ૨૩૪ | ૦ | ૨૩૪ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૬૮૭૫ | ૧૧૮ | ૧૬૯૯૩ | ૧૭૮૧૨ | ૧૨૫ | ૧૭૯૩૭ |
| | કુલ | ૩૨૨૮૪ | ૧૩૩ | ૩૨૪૧૭ | ૪૧૦૫૪ | ૧૩૫ | ૪૧૧૮૯ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૦૧ | ૧૦,૮૨,૯૦૦/- |


| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧3૮૦ | ૧3,૮૦,૦૦૦/- |

# પાસા અટકાયતની વિગત

શાહપુર પોલીસ સ્ટેશન :

## શરીર સંબંધી ગુનામા પકડાયેલ આરોપીની પાસામા અટકાયત કરી પાલરા-ભુજ જેલમા મોકલી આપતી શાહપુર પોલીસ

મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા મે.સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશનરશ્રી ઝોન-૨ સાહેબ તથા મે.મદદનીશ પોલીસ કમિશનરશ્રી “સી” ડીવીઝન સાહેબ નાઓ તરફથી વધુમા વધુ પાસાના અટકાયતી પગલા લેવાની સુચના મળતી હોય જે સુચના આધારે પોલીસ ઇન્સપેકટરશ્રી આર.એસ.ઠાકરસાહેબ શાહપુર પોલીસ સ્ટેશન નાઓએ અગાઉ શરીર સંબંધી ગુનામા પકડાયેલ આરોપી નીતીન સ/ઓ કાળીદાસ વાઘેલા ઉવ-૩૯ રહે-મ.નં.૪૧૮૪, ભીલવાસ જોગણીમાતાના મંદિરની બાજુમા ખાનપુર શાહપુર અમદાવાદ શહેર નાનુ પાસાનુ પ્રપોઝલ તૈયાર કરી પાસાનો હુકમ કરાવી સર્વેલન્સ સ્કોડના પોલીસ સબ ઇન્સ.શ્રી એસ.આર.બલાત તથા સર્વેલન્સ સ્કોડના માણસો તથા પી.આઇ. પર્સનલના માણસોએ આરોપીને શોધી કાઢી  પકડી પાડી તેને હુકમ ક્રમાંક-PCB/DTN/પાસા/૧૧૨૫/૨૦૨૦ તા.૨૬/૧૦/૨૦૨૦ થી સેકન્ડ પો.ઇન્સશ્રી આર.જે.ચુડાસમા સાહેબ નાઓએ  પાસા હુકમની બજવણી કરી પાલરા-ભુજ જેલ ખાતે મોકલી આપવામા આવેલ છે. તા-૦૧/૧૨/૨૦૨૦



શાહીબાગ પોલીસ સ્ટેશન :

## શરીર સંબંધી તથા મિલકત સંબંધી પાસા અટકાયતની ધરપકડ કરતી શાહીબાગ પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી,સેક્ટર-૨,અ'વાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી,ઝોન-૪, અ'વાદ શહેર સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,' એફ 'ડીવીઝન, અમદાવાદ શહેરનાઓના માર્ગદર્શન હેઠળ પો.સ્ટે.વિસ્તારમાં શરીર સંબંધી તથા મિલકત સબંધી બનાવો અટકાવવા તથા આવા બનાવોમા પકડાયેલ આરોપીઓ વિરુધ્ધ અટકાયતી પગલા લેવા મળેલ સુચના આધારે પો.ઇન્સ શ્રી કે.ડી.જાડેજા સા. નાઓએ પો.સ્ટે.વિસ્તારમાં મિકલત સંબંધી ગુનાઓ કરતો ઈસમ સુરેશ ઉર્ફે કાંચો સ/ઓ મનુભાઈ ડુંગરજી ભીલ ઉ.વ.૨૨ રહે-કસાપુરા ભીલવાસ સીવિલ હોસ્પિટલ ગેટ નં.૦૨ ની સામે શાહીબાગ અમદાવાદ શહેરના વિરુદ્ધ (૧) રખિયાલ પો.સ્ટે. ફ.ગુ.ર.ન.૪૫/૨૦૧૯ ઈ.પી.કો.કલમ-૩૯૫, ૩૨૩, ૫૧૧, ૧૧૪, ૧૨૦(બી) મુજબ (૨) શાહીબાગ પો.સ્ટે. ગુ.ર.ન.૧૧૧૯૧ ૦૩૧૨૦૧૯૦૯/ ૨૦૨૦ ઈ.પી.કો. કલમ-૪૫૪,૪૫૭,૩૮૦, મુજબ ના ગુનાઓ નોધાયેલ હોય અને સદરી આરોપી વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રી ની કચેરી ખાતે મોકલી આપતા પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓએ ઉપરોકત આરોપીને પાસા અટકાયતમાં લેવા કરેલ હુકમ ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૧૨૧૧/૨૦૨૦ તા.૨૫/૧૧/૨૦ થી હુકમ મળેલ હોય સદરી આરોપીને નામદાર કોર્ટના હુકમ આધારે કોરોના ટેસ્ટ કરાવેલ હોય જે આજરોજ તા.૦૨/૧૨/૨૦૨૦ ના રોજ નેગેટીવ આવતા તા.૦૨/૧૨/૨૦૨૦ ના કલાક:૧૨/૦૦ વાગે પો.સબ.ઈન્સ.શ્રી આર.પી.ડાભી સાહેબના રૂબરૂ બજવણી કરી જરૂરી જાપ્તા સાથે અધિક્ષક શ્રી ખાસ જેલ, પાલારા ભુજ ખાતે મોકલી આપેલ.

### આરોપીનુ નામ:-

સુરેશ ઉર્ફે કાંચો સ/ઓ મનુભાઈ ડુંગરજી ભીલ ઉ.વ.૨૨ રહે-કસાપુરા ભીલવાસ સીવિલ હોસ્પિટલ ગેટ નં.૦૨ ની સામે શાહીબાગ અમદાવાદ શહેર

### કામગીરી કરનાર અધિકારી/કર્મચારી:-

(૧) પો.સ.ઈન્સ એસ. એ. દેસાઈ તથા સર્વલન્સ ટીમના માણસો
(૨) મ.સ.ઇ વિરેન્દ્રસિંહ મકુભા
(૩) અ.લો.ર.નિલમબેન નાથાભાઈ બ.નં.૭૨૪
(૪) અ.હે.કો રવીન્દ્ર ગંગારામ
(૫) અ.પો.કો.કુલદિપસિંહ ધનશ્યામસિંહ

## સી.આર.પી.સી.કલમ ૮૨ મુજબ

## આરોપીએ કોર્ટમાં હાજર થવાનું ફરમાન : સમાચાર યાદી નં.૨૦૭૭/૨૦૨૦

(૧)

શહેરકોટડા પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૨૫૦/૧૯૮૮ ઇપીકો કલમ ૪૫૨,૩૦૭,૩૨૩,૫૦૪ મુજબના સેસન્સ કેસ નં.૨૯૦/૧૯૮૮ મુજબના કામે આરોપી હીરાબેન નારણસિહ મુન્નાસિહ સિસોદીયા (રહે.ગાયત્રી આઇસ ફેક્ટરીના કંમ્પાઉંડમા વિજયબેંક પાસે નરોડા રોડ અમદાવાદ મુળ ગામ-ટેગી તાલુકો-દેવગઢ માદરીયા જીલ્લો ઉદેપુર રાજસ્થાન) નાઓ ઉપરોક્ત ગુનાના કામે ફરિયાદનો જવાબ આપવા સારૂ નામદાર જજ શ્રી એસ.કે.બક્ષી સાહેબ, મહે.પ્રિન્સિપાલ જજ સુશ્રી, કોર્ટ નં.૦૧, સિટી સિવિલ અને સેસન્સ કોર્ટ, લાલ દરવાજા, ભદ્ર, અમદાવાદ શહેર સમક્ષ તા.૦૪/૧૨/૨૦૨૦ ના રોજ હાજર રહેવા ફરમાન કરવામાં આવે છે.

(૨)

શહેરકોટડા પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૩૯૮/૧૯૮૭ ઇપીકો કલમ ૩૬૩,૩૬૬,૩૭૬,મુજબના સેસન્સ કેસ નં.૨૭૩/૧૯૮૭ મુજબના કામે આરોપી ધારારામ મેરૂજી જાટ (રહે.રામાપીરનો ટેકરો, વાડજ મુળ ગામ ભીડમાલ ઇલીક્ટ્રીક સીટી હાઉસ જી-જાલોર, રાજસ્થાન) નાઓ ઉપરોક્ત ગુનાના કામે ફરિયાદનો જવાબ આપવા સારૂ નામદાર જજ શ્રી એસ.કે.બક્ષી સાહેબ, મહે.પ્રિન્સિપાલ જજ સુશ્રી, કોર્ટ નં.૦૧, સિટી સિવિલ અને સેસન્સ કોર્ટ, લાલ દરવાજા, ભદ્ર, અમદાવાદ શહેર સમક્ષ તા.૦૪/૧૨/૨૦૨૦ ના રોજ હાજર રહેવા ફરમાન કરવામાં આવે છે.

(૩)

શહેરકોટડા પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૧૫૨/૧૯૬૮ ઇપીકો કલમ ૪૦૭,૪૧૪,૧૧૪ મુજબના સેસન્સ કેસ નં.૫૧/૧૯૬૯ મુજબના કામે આરોપી (૧) બીહારીલાલ હીરાલાલ અગ્રવાલ (રહે. સીકંદ્રાબાદ હજવાડા જી.બિલંદ શહેર ઉત્તરપ્રદેશ) (૨) રામસ્નેહી સુંદર પાંડે (રહે. મ.નં.૧૦૯/૨૧૪ ગુમટી નં.૫, જવાહરનગર કાનપુર ઉત્તરપ્રદેશ) નાઓ ઉપરોક્ત ગુનાના કામે નાસતા ફરતા હોય નામદાર જજ શ્રી એસ.કે.બક્ષી મહે.પ્રિન્સિપાલ જજ સુશ્રી, કોર્ટ નં.૦૧, સિટી સિવિલ અને સેસન્સ કોર્ટ, લાલ દરવાજા, ભદ્ર, અમદાવાદ શહેર સમક્ષ તા.૦૪/૧૨/૨૦૨૦ ના રોજ હાજર રહેવા ફરમાન કરવામાં આવે છે.

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૦૭૮/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૨ કેસ કરી, ૨૧ વ્યક્તિઓને ઝડપી, ૨૩૩ લીટર દેશી દારૂ અને ૨૦૫ બોટલ ઇંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૭ કેસ કરી ૧૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૨,૦૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૦૭૯/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૨૦૮૦/૨૦૨૦**

**રખિયાલઃ** મુબારકહુસેન ઇબ્રાહીમભાઈ પટેલ (ઉ.વ.૪૪) (રહે. રહેમતનગર હોકાબાજ ટેક્ષટાઈલ સામે દાણીલીમડા) એ તા.૦૧/૧૨/૨૦૨૦ નારોજ રખિયાલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૧૧/૨૦૨૦ કલાક ૧૨/૦૦ થી તા.૧/૧૨/૨૦૨૦ કલાક ૯/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન રખિયાલ રહેમતનગર ડાહ્યાભાઇ કડીયાની ચાલીના નાકે એસ.પી.ઓટો પાર્ટસ નામની દુકાનની આગળ પોતાની દુકાને આવી આરોપી સાહીદ, સાજીદ અને અન્ય એક પુરૂષે ભેગા મળી મુબારકહુસેન પટેલને વિશ્વાસમાં લઈ દીર્હમ ચલણ ભારતીય ચલણમાં બદલાવવા સારુ મુબારકહુસેન પટેલ પાસેથી એડવાન્સમાં રોકડ નાણા ૧,૦૦,૦૦૦/- લઈ જઈ તે પેટે પ્લાસ્ટીકની સફેદ થેલીમાં આસ્માની કલરના કાપડમાં ન્યુઝ પેપરના કટીંગ કરેલ બંડલો તથા નિરમા સાબુની ગોટી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ. શ્રી જે.જે.હળવદીયા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી